**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==============================================================

**અમદાવાદ ખાતેની ગુજરાત ઉચ્ચ ન્યાયાલયમાં**

**આર/ક્રિમિનલ અપીલ નં. ૬૨૫/૨૦૧૮**

**મંજૂરી અને સહી માટેઃ**

**માનનીય ન્યાયમૂર્તિશ્રી જે. બી. પારડીવાલા**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિશ્રી એ. સી. રાવ**

| | | |
|---|---|---|
| ૧. | શું સ્થાનિક અખબારોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે? | હા. |
| ૨. | રિપોર્ટરને રિફર કરવું કે નહીં ? | હા. |
| ૩. | શું ન્યાયમૂર્તિશ્રી ચુકાદાની આખરી નકલ જોવા માંગે છે? | ના. |

| | | |
|---|---|---|
| ૪. | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર પ્રશ્નનો સમાવેશ થાય છે? | ના. |

======================================================

નરેન્દ્ર ગુલાબપરી ગોસ્વામી

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય

======================================================

ઉપસ્થીતી:-

અપીલકર્તા માટે સુશ્રી અશ્વિની કે. મેહતા (૯૪૦૦)

શ્રી રોનક રાવલ, એપીપી (૨) સામાવાળા (ઓ)/પ્રતિવાદી-રાજ્ય માટે

=====================================

કોરમ: **માનનીય ન્યાયમૂર્તિશ્રી જે. બી. પારડીવાલા**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિશ્રી એ. સી. રાવ**

**તારીખ૦૭/૦૩/૨૦૧૯**

**સી.એ.વી. ચુકાદો**

**(ધ્વારા:-માનનીય ન્યાયમૂર્તિશ્રી એ. સી. રાવ)**

૧.૦૦. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૭૪ હેઠળ હાલની ક્રિમીનલ અપીલ દાખલ કરીને, અહીંના અપીલકર્તા – મૂળ આરોપી નં.૧ એ એડિશનલ સેશન્સ જજ અને સ્પેશિયલ જજ (પોક્સો), રાજકોટ દ્વારા સેશન્સ (પોક્સો) કેસ નં.૨૦૬/૨૦૧૩ માં તારીખ ૨૯/૧૨/૨૦૧૭ ના રોજ પસાર કરવામાં આવેલ દોષસિદ્ધિ અને સજાના હુકમ અને ચુકાદાને પડકાર્યો છે, જેમના દ્વારા વિ. સેશન્સ જજે અપીલકર્તા – મૂળ આરોપી નં.૧ ને ભારતીય દંડ સંહિતા (ટૂંકમાં "આઇ.પી.સી.") ની કલમ ૩૬૩, ૩૬૬ અને ૩૭૬ હેઠળના શિક્ષાપાત્ર ગુનાઓ માટે દોષિત ઠેરવ્યા છે. સેશન્સ જજે અપીલકર્તા – આરોપી નં.૧ ને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફન્સીસ એક્ટ, ૨૦૧૨ (ટૂંકમાં "પોક્સો એક્ટ") ની કલમ ૪ અને ૬ હેઠળના શિક્ષાપાત્ર ગુનાઓ માટે પણ દોષિત ઠેરવ્યા છે.

ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩ હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે, સેશન્સ જજે અપીલકર્તા – આરોપી નં.૧ ને રૂ.૫,૦૦૦/- ના દંડ

સાથે પાંચ વર્ષની મુદત માટે સખત કેદની સજા ફટકારી અને દંડની ચુકવણી ન કરે તો, વધુ બે મહિનાની મુદત માટે સાદી કેદ ભોગવવાનો નિર્દેશ આપ્યો.

ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૬ હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે, સેશન્સ જજે અપીલકર્તા – આરોપી નં.૧ ને રૂ.૧૦,૦૦૦/– ના દંડ સાથે સાત વર્ષની મુદત માટે સખત કેદની સજા ફટકારી અને દંડની ચુકવણી ન કરે તો, વધુ ત્રણ મહિનાની મુદત માટે સાદી કેદ ભોગવવાનો નિર્દેશ આપ્યો.

પોક્સો એક્ટની કલમ ૪૨ ના જોગવાઈઓને ધ્યાનમાં રાખીને, અને પોક્સો એક્ટની કલમ ૬ અને આઇ.પી.સી. ની કલમ ૩૭૬ હેઠળના શિક્ષાપાત્ર ગુનાઓ માટે પૂરી પાડવામાં આવેલી સજાને ધ્યાનમાં લેતા, અને કલમ ૬ હેઠળના ગુના માટેની સજા વધારે હોવાથી, પોક્સો એક્ટની કલમ ૪ હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે અને આઇ.પી.સી. ની કલમ ૩૭૬ હેઠળના ગુના માટે કોઈ અલગ સજા કરવામાં આવી નથી, જોકે, પોક્સો એક્ટની કલમ ૬ હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે, વિ. સેશન્સ જજે અપીલકર્તા – આરોપી નં.૧ ને રૂ.૧૫,૦૦૦/– ના દંડ સાથે ૧૫ (પંદર) વર્ષની મુદત માટે સખત કેદની સજા ફટકારી અને દંડની ચુકવણી

ન કરે તો, વધુ છ મહિનાની મુદત માટે સાદી કેદ ભોગવવાનો નિર્દેશ આપ્યો.

વિ. સેશન્સ જજે ક્રિમીનલ પ્રોસીજર કોડ (ટૂંકમાં "સી.આર.પી.સી.") ની કલમ ૪૨૮ હેઠળ સેટ ઓફનો લાભ આપવા કૃપા કરી હતી. વિ. સેશન્સ જજે તમામ સજાઓ એકસાથે ભોગવવાનો હુકમ કર્યો હતો.

૨.૦. ફરિયાદ પક્ષનો કેસ ટૂંકમાં નીચે મુજબ છે :-

ફરિયાદી - ભોગ બનનારે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં આઇ.પી.સી. ની કલમ ૪ સાથે વાંચતા કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૪૦૬, ૫૦૪, ૫૦૬(૨) અને પોક્સો એક્ટની કલમ ૩, ૪, ૫ અને ૬ હેઠળના શિક્ષાપાત્ર ગુનાઓ માટે સી.આર. નં. આઇ-૧૮૨/૨૦૧૩ થી એફ.આઇ.આર. નોંધાવી હતી. એફ.આઇ.આર. માં ભોગ બનનાર દ્વારા જણાવવામાં આવ્યું છે કે તેની ઉંમર ૧૬ વર્ષ અને ૯ મહિના છે. ભોગ બનનારે મહિલા પોલીસ સ્ટેશન સમક્ષ ફરિયાદ આપી હતી જેમાં જણાવ્યું હતું કે તે છેલ્લા બે મહિનાથી તેના ભાઈ સાથે એસ.કે. ચોક, જલારામ ફરસાણ વાળી શેરી, ગાંધીગ્રામ ખાતે રહેતી હતી. તે પહેલાં તે લીમડા ચોક, ગૌળીવાડ શેરીમાં આવેલ "અમન" તરીકે ઓળખાતા ભાડાના મકાનમાં

રહેતી હતી. તેણીએ જણાવ્યું હતું કે તે છેલ્લા ૭ મહિનાથી રાજકોટમાં રહેતી હતી અને તેનો ભાઈ છેલ્લા પાંચ મહિનાથી તેની સાથે રહેતો હતો. તેણીએ જણાવ્યું હતું કે તે એરટેલમાં નોકરી કરતી હતી અને તે પહેલા તે ડોકોમોમાં કામ કરતી હતી. તેનો ભાઈ તાલાલામાં અભ્યાસ કરે છે અને તેની માતા વેણલ ગામમાં એકલી રહે છે. તેની માતા અને પિતાના છૂટાછેડા થઈ ગયા છે. તેણીએ ૧૨ ધોરણ સુધી અભ્યાસ કર્યો છે અને તેની જન્મ તારીખ ૨૪/૧૦/૧૯૯૬ છે.

ભોગ બનનારે ફરિયાદમાં વધુમાં જણાવ્યું છે કે સવા વર્ષ પહેલા જ્યારે તે તેની માતા અને ભાઈ સાથે કોડીનારમાં રહેતી હતી, ત્યારે તે મુકેશ બવાજી સાથે તેના ભાઈ તરીકે જોડાઈ હતી. તેણી સ્કૂટી ખરીદવા માંગતી હોવાથી, મુકેશે તેના કાકાના દીકરા અને હીરો હોન્ડામાં નોકરી કરતા નરેન્દ્રપરી ગુલાબપરી – આરોપી નં.૧ નો નંબર આપ્યો હતો. મુકેશે તેણીને નરેન્દ્રપરીને ફોન કરવા કહ્યું હતું. તેથી, ભોગ બનનારે સ્કૂટી ખરીદવા માટે નરેન્દ્રપરીને ફોન કર્યો અને ત્યાર બાદ લગભગ બે દિવસ સુધી આરોપી નં.૧ એ તેણીને ફોન કર્યો અને તે તેની સાથે વાતો કરતો હતો. ત્યારબાદ તેણી અને નરેન્દ્રપરી વચ્ચે મિત્રતા થઈ હતી. ત્યારબાદ, જ્યારે તે તેની માતા અને ભાઈ સાથે દીવ ગઈ હતી, ત્યારે નરેન્દ્રપરી તેને મળવા ત્યાં આવ્યો હતો. ત્યારબાદ, ભોગ બનનાર અને આરોપી

નરેન્દ્રપરી ફોન પર વાતો કરતા હતા અને તેઓ પ્રેમમાં હતા. લગભગ એક મહિના પછી, આરોપી નં.૧ તેના મિત્ર સાથે ભોગ બનનારના ઘરે આવ્યો હતો અને ભોગ બનનારને પૂછ્યું હતું કે ચાલો આપણે માંગરોળ જઈએ અને ભોગ બનનાર આરોપી નં.૧ સાથે માંગરોળ ગઈ હતી અને રસ્તામાં આરોપી નં.૧ એ પ્રેમનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ ભોગ બનનારે કોઈ જવાબ આપ્યો ન હતો. બીજા દિવસે જ્યારે નરેન્દ્રપરીએ તેને ફોન કર્યો, ત્યારે તેણીએ પ્રેમનો પ્રસ્તાવ સ્વીકાર્યો અને હા કહી.

ત્યારબાદ, આરોપી નં.૧ ભોગ બનનારને ફોન કરતો હતો અને જ્યારે તેની માતા તેની આંગણવાડીની ફરજ પર જતી હતી, ત્યારે આરોપી નં.૧ તેની પાસે આવતો હતો. ત્યારબાદ, ચાર મહિનાના સમયગાળા પછી, તેઓ વેલણ ગામે શિફ્ટ થયા અને તે સમયે, આરોપી નં.૧ ભોગ બનનારને જોવા માટે ત્રણથી ચાર વખત આવ્યો હતો. તેઓ બંને તાલાલામાં અભ્યાસ કરતા તેના ભાઈને મળવાના બહાને ફરતા હતા અને તે સમય દરમિયાન, તેમનો પ્રેમ ગાઢ બન્યો અને આરોપી નં.૧ એ તેણીને લલચાવી હતી અને તેણીને પૂછ્યું હતું કે શું તે તેની સાથે લગ્ન કરશે. તેણે તેણીને રાજકોટ આવવા કહ્યું અને તેઓ બંને લગ્ન કરી લેશે અને તે રીતે તેણે ભોગ બનનારને વિશ્વાસમાં લીધી. નોકરી કરવાના બહાને, ડિસેમ્બર, ૨૦૧૨ માં, તેણીએ નરેન્દ્રપરી સાથે લીમડા ચોક, ગૌળીવાડ,

રાજકોટ ખાતે રહેવાનું શરૂ કર્યું. તેઓએ મકાનમાલિક સમક્ષ જાહેર કર્યું હતું કે તેમની સગાઈ થઈ ગઈ છે અને તેઓ લગ્ન કરવાના છે. ત્યારબાદ તેણીએ ડોકોમોમાં નોકરી શરૂ કરી હતી અને આરોપી નં.૧ રોયલ એનફિલ્ડ બુલેટના શોરૂમમાં નોકરી કરતો હતો. ત્રણ મહિના સુધી, તેઓ બંને અલગ–અલગ ઊંઘતા હતા અને તેમની વચ્ચે કોઈ શારીરિક સંબંધ ન હતો.

ત્રણ મહિના પછી, આરોપી નં.૧ એ રાત્રે ભોગ બનનારને કહ્યું કે તે તેની સાથે શારીરિક સંબંધ બાંધવા માંગે છે અને ભોગ બનનારે તેને કહ્યું કે તે પુખ્ત વયની નથી અને તે ૧૮ વર્ષની થાય પછી, તેઓ લગ્ન કરશે અને ત્યારબાદ તે તેની સાથે શારીરિક સંબંધ બાંધી શકે છે, પરંતુ નરેન્દ્રે માન્યું નહીં અને તેણે તેની સાથે બળજબરીથી સંભોગ કર્યો. ત્યારબાદ, ભોગ બનનાર નરેન્દ્રના પ્રેમમાં અંધ હોવાથી અને તેઓ બંને સાથે રહેતા હોવાથી, તેઓ ૨ થી ૩ દિવસમાં સંભોગ કરતા હતા. જો કે, ચાર મહિનાના સમયગાળા પછી, તેણીને ખબર પડી કે નરેન્દ્ર પરણેલો છે અને તેને બે બાળકો છે અને તેથી તેમની વચ્ચે ઝઘડો થયો હતો. તેઓ બંને પાંચ મહિનાના સમયગાળા માટે લીમડા ચોકમાં રહેતા હતા. તેમના વિવાદને કારણે, મકાનમાલિકે ભાડાનું મકાન ખાલી કરાવ્યું. તેથી, તેઓએ

એસ.કે. ચોકમાં, જલારામ ફરસાણની શેરીમાં ભાડે બીજું મકાન મેળવ્યું. ત્યાં નરેન્દ્ર તેની સાથે ત્રણ દિવસ રહ્યો હતો.

ત્યારબાદ એપ્રિલ, ૨૦૧૩ માં, નરેન્દ્ર તેની પત્ની સાથે રાજકોટમાં રહેવા લાગ્યો. નરેન્દ્રે તેના ભાઈને પણ તેની સાથે રહેવા બોલાવ્યો હતો. ઓફિસ સમય પછી નરેન્દ્ર તેને મળવા આવતો હતો. ક્યારેક તેની પત્ની બહારગામ જાય ત્યારે તે રાત્રે તેના ઘરે રોકાતો હતો. નરેન્દ્ર તેના ઘરે બે દિવસ રહ્યો હતો અને તેની સાથે સંભોગ કર્યો હતો. ભોગ બનનાર ગાંધીગ્રામમમાં દોઢ મહિનો રહી હતી ત્યારે નરેન્દ્રે તેની સાથે ચારથી પાંચ વખત શારીરિક સંબંધ બાંધ્યો હતો. છેલ્લે નરેન્દ્રે લગભગ એક મહિના પહેલા તેની સાથે સંભોગ કર્યો હતો અને ત્યારબાદ તેમની વચ્ચે વિવાદ થયો હતો. નરેન્દ્ર છેલ્લા એક મહિનાથી તેને છોડીને જતો રહ્યો હતો અને તેણે પોતાનો મોબાઈલ સ્વિચ ઓફ કરી દીધો હતો અને તે ભાગી ગયો હતો. તેથી, ભોગ બનનાર આરોપી નં.૧ ના ઘરે ગઈ હતી, જોકે તે તેના ઘરે મળી આવ્યો ન હતો અને તેના ભાઈ કિશોરે તેણીને જાણ કરી હતી કે નરેન્દ્ર સંપર્કમાં નથી. તેથી, તે રાજકોટ આવી અને નરેન્દ્ર અને તેના પરિવારના સભ્યો સામે ફરિયાદ આપી. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની પોલીસે નરેન્દ્ર, તેના ભાઈ કિશોર, તેની પત્ની કિરણ, તેની માતા પ્રભાબેનને બોલાવ્યા પરંતુ સમાધાન થઈ ગયું અને સાંજે નરેન્દ્ર અને તેના

ભાઈ કિશોર ભોગ બનનારને પોતાની સાથે લઈ ગયા. તેઓએ ભોગ બનનારને ગોંડલ ચોકડી પાસે એમ કહીને છોડી દીધી કે તેણીએ ત્યાં જ રહેવું અને તેઓ પાંચ મિનિટમાં આવશે. થોડીવાર પછી નરેન્દ્રનો ભાઈ કિશોર અને નરેન્દ્રના કુવા અને અનિલ જે અનિલનો મિત્ર છે તેઓ આવ્યા અને તે ત્રણેયે તેને ધમકી આપી. તેણીને બાબતનો આખરી ઉકેલ લાવવા માટે અથવા તેઓ તેનો કેસ પૂરો કરી દેશે તેમ કહેવામાં આવ્યું હતું. આમ, તેઓએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી અને તેને ગાળો આપીને જતા રહ્યા. એવો આક્ષેપ છે કે આમ, આરોપી નં. ૧ એ લગ્નની લાલચ આપી, તેની નિર્દોષતાનો લાભ ઉઠાવી, તેની મરજી વિરુદ્ધ તેની સાથે જાતીય સંભોગ કર્યો અને પોતે પરણેલો હોવા છતાં, પોતે પરણેલો નથી તેવું ખોટું નિવેદન આપ્યું અને તે રીતે વિશ્વાસઘાત કર્યો, અને આરોપી નં.૨ થી ૪ એ પણ તેને ગાળો આપી, તેને જાનથી મારી નાખવાની ધમકી આપી. તેથી, ભોગ બનનારે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી. ત્યારબાદ આ ફરિયાદ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં આઇ.પી.સી. ની કલમ ૪ સાથે વાંચતા કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૪૦૬, ૫૦૪, ૫૦૬(૨) અને પોક્સો એક્ટની કલમ ૩, ૪, ૫ અને ૬ હેઠળના શિક્ષાપાત્ર ગુનાઓ માટે સી.આર. નં. આઇ–૧૮૨/૨૦૧૩ થી એફ.આઇ.આર. તરીકે રજિસ્ટર કરવામાં આવી હતી.

૨.૧.	ફરિયાદ નોંધાતા, તપાસ અમલદારે આરોપીની ધરપકડ કરી, આરોપીનું ધરપકડ પંચનામું તૈયાર કર્યું, ગુનો કરતી વખતે ભોગ બનનાર અને આરોપીએ પહેરેલા કપડાં કબ્જે કર્યા, તબીબી અફસર દ્વારા ભોગ બનનાર અને આરોપીની તપાસ કરાવી, મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલ્યો, સાક્ષીઓના નિવેદનો નોંધ્યા વગેરે. તપાસ પૂર્ણ થયા પછી, તપાસ અમલદારે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, રાજકોટની કોર્ટમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૭૩ હેઠળ ચાર્જશીટ દાખલ કરી અને કેસ ક્રિમીનલ કેસ નં.૪૧૯૨/૨૦૧૩ તરીકે રજિસ્ટર થયો.

૨.૨.	કેસ સેશન્સ કોર્ટ દ્વારા ટ્રાયલેબલ હોવાથી, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે, સી.આર.પી.સી. ની કલમ ૨૦૯ હેઠળ આરોપીને ચાર્જશીટના કાગળોની નકલો પૂરી પાડ્યા પછી, કેસ સેશન્સ કોર્ટમાં કમિટ કર્યો અને કેસ સેશન્સ જજ, રાજકોટની કોર્ટમાં સેશન્સ કેસ નં.૨૦૬/૨૦૧૩ તરીકે રજિસ્ટર થયો.

૨.૩.	ત્યારબાદ, સેશન્સ કોર્ટે આંક-૬ પર આરોપી સામે તોહમતનામું ફરમાવ્યું. આરોપી નં. ૧ થી ૪ નું પ્લી આંક નં. ૭ થી ૧૦ પર નોંધવામાં આવ્યું હતું. આરોપીઓએ ગુનાનો અસ્વીકાર કર્યો અને ટ્રાયલ

ચલાવવાની માંગણી કરી અને તેથી, સેશન્સ કોર્ટે કાયદા અનુસાર ટ્રાયલ આગળ ચલાવી.

૨.૪. ફરિયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા :

**: મૌખિક પુરાવા :**

| **સાક્ષી નં.** | **આંક નં.** | **વિગત** | **રિમાર્ક્સ** |
|---|---|---|---|
| ૧ | ૨૨ | ચેતનભાઈ પ્રવીણભાઈ કુબાવત | પંચ સાક્ષી |
| ૨ | ૨૭ | વેલજીભાઈ લક્ષ્મણભાઈ વાઘેલા | પંચ સાક્ષી |
| ૩ | ૩૨ | સુનીલભાઈ જીવરાજભાઈ કંજારીયા | પંચ સાક્ષી |
| ૪ | ૩૬ | ભોગ બનનાર | ફરિયાદી |
| ૫ | ૫૯ | દિકેશ મહેન્દ્રભાઈ કાનાણી | ભોગ બનનારનો ભાઈ |
| ૬ | ૭૭ | ડૉ. શ્રદ્ધાબેન પ્રજાપતિ | તબીબી અફસર |
| ૭ | ૮૩ | સંજયભાઈ મનહરલાલ સોમૈયા | સાક્ષી |
| ૮ | ૮૪ | મહેન્દ્રભાઈ અમરીશભાઈ રાઠોડ | તપાસ અમલદાર |
| ૯ | ૮૮ | જશવંતલાલ કેશવલાલ પટેલ | તપાસ અમલદાર |

## : દસ્તાવેજી પુરાવા :

| અનુ. નં. | આંક નં. | વિગત |
|---|---|---|
| ૧ | ૨૫ | ભોગ બનનારના કપડાં કબ્જે કર્યાનું પંચનામું |
| ૨ | ૨૫ | ઘટનાસ્થળનું પંચનામું |
| ૩ | ૨૭ | ઘટનાસ્થળનું પંચનામું |
| ૪ | ૨૮ | આરોપીના શરીરનું અને અપીલકર્તા આરોપીના કપડાં કબ્જે કર્યાનું પંચનામું |
| ૫ | ૫૫ | એફ.આઈ.આર. |
| ૬ | ૫૬ | ભોગ બનનારનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર |
| ૭ | ૬૯ | મોબાઈલ પર આરોપી દ્વારા આપવામાં આવેલ ધમકી અંગે ભોગ બનનારે પોલીસને આપેલી ફરિયાદ |
| ૮ | ૭૦ | સમાધાન અંગે ભોગ બનનારનું નિવેદન |
| ૯ | ૭૮ | ડૉક્ટર દ્વારા ભોગ બનનારની તપાસ માટેની યાદી |
| ૧૦ | ૭૯ | ભોગ બનનારનું મેડિકલ સર્ટિફિકેટ |
| ૧૧ | ૮૫ | ફોન રેકોર્ડ સાથેની ફરિયાદ |
| ૧૨ | ૮૯ | ભોગ બનનારના સેમ્પલ એફ.એસ.એલ. માં મોકલવા માટેની યાદી |
| ૧૩ | ૯૦ | મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલવા માટેની યાદી |

| | | |
|---|---|---|
| ૧૪ | ૯૧ | મુદ્દામાલ મળ્યાની એફ.એસ.એલ. ની પહોંચ |
| ૧૫ | ૯૨ | એફ.એસ.એલ. અને સેરોલોજીના રિપોર્ટ |

૨.૫. ટ્રાયલ પૂર્ણ થયા પછી, ટ્રાયલ કોર્ટે અપીલકર્તા – મૂળ આરોપી નં.૧ ને આઇ.પી.સી. ની કલમ ૩૬૩, ૩૬૬ અને ૩૭૬ તેમજ પોક્સો એક્ટની કલમ ૪ અને ૬ હેઠળના શિક્ષાપાત્ર ગુનાઓ માટે દોષિત ઠેરવ્યા અને ઉપર જણાવ્યા મુજબ દંડ સાથે સજા ફટકારી.

૩.૦. અપીલકર્તા – મૂળ આરોપી નં.૧ તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ ભારપૂર્વક રજૂઆત કરી હતી કે સેશન્સ કોર્ટે અપીલકર્તાને આઇ.પી.સી. ની કલમ ૩૬૩, ૩૬૬ અને ૩૭૬ અને પોક્સો એક્ટની કલમ ૪ અને ૬ હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે દોષિત ઠેરવવામાં અને સજા ફટકારવામાં ભૂલ કરી છે.

૩.૧. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે ટ્રાયલ કોર્ટ એ મૂલ્યાંકન કરવામાં નિષ્ફળ ગઈ છે કે અપીલકર્તા – આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત થયો નથી. તેણીએ રજૂઆત કરી હતી કે રેકોર્ડ પર કોઈ સચોટ અને ખાતરીપૂર્વકના પુરાવા નથી. તેણીએ રજૂઆત કરી છે કે વાસ્તવમાં આ કોઈ

પુરાવા ન હોવાનો કેસ છે, તેમ છતાં, ટ્રાયલ કોર્ટે ધારણા અને અનુમાન પર આક્ષેપિત ચુકાદો અને હુકમ પસાર કર્યો છે.

૩.૨. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ વધુમાં રજૂઆત કરી હતી કે ભોગ બનનારે તેની જુબાનીમાં સ્વીકાર્યું છે કે તે આરોપીના પ્રેમમાં હતી અને તેઓ બંને સાથે રહેતા હતા અને તેથી, એ સ્પષ્ટ થાય છે કે અપીલકર્તા સામે કોઈ કેસ બનતો નથી.

૩.૩. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ વધુમાં રજૂઆત કરી હતી કે વાસ્તવમાં, ભોગ બનનારે ડૉક્ટર સમક્ષ હિસ્ટ્રીમાં સ્વીકાર્યું હતું કે તે અપીલકર્તાના પ્રેમમાં હતી અને તે અને અપીલકર્તા સાથે રહેતા હતા અને તેણીએ પોતાની સંમતિથી આરોપી સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. તેથી, એ સ્પષ્ટ થાય છે કે આરોપી દ્વારા કોઈ ગુનો કરવામાં આવ્યો નથી, તેમ છતાં, પૈસા પડાવવા માટે આરોપી સામે ખોટી ફરિયાદ નોંધાવવામાં આવી છે.

૩.૪. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ વધુમાં રજૂઆત કરી હતી કે દોષસિદ્ધિ અને સજાનો આક્ષેપિત ચુકાદો અને હુકમ રેકોર્ડ પરના પુરાવા વિરુદ્ધ, કાયદાની જોગવાઈ વિરુદ્ધ અને સ્થાપિત કાનૂની સ્થિતિ વિરુદ્ધ છે.

૩.૫. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે વિ. જજે રેકોર્ડ પરના પુરાવાને તેની સાચી ભાવનામાં મૂલ્યાંકન કર્યા વિના, નૈતિક દ્રષ્ટિકોણ અપનાવીને અપીલકર્તાને દોષિત ઠેરવ્યા છે. તેણીએ રજૂઆત કરી હતી કે નીચેની કોર્ટે ચુકાદામાં ઘણી વખત ખરાબ માનસિકતા શબ્દનો ઉપયોગ કર્યો છે. તેણીએ રજૂઆત કરી હતી કે ટ્રાયલ કોર્ટે ચુકાદામાં આ મુદ્દા પરના કાયદાને પુનઃઉત્પાદિત કર્યો હોવા છતાં, ખોટી રીતે તે કેસના તથ્યો પર લાગુ કર્યો નથી. તેણીએ રજૂઆત કરી હતી કે ટ્રાયલની પેન્ડન્સી દરમિયાન, ફરિયાદીએ સેશન્સ કોર્ટ સમક્ષ એક અરજી આપી હતી કે આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને તે સમયના એડિશનલ સેશન્સ જજે ફરિયાદી, તેની માતા અને ભાઈના પુરાવા નોંધ્યા હતા અને એવું માલૂમ પડ્યું હતું કે ફરિયાદીએ ખોટા આક્ષેપો કર્યા હતા. તેણીએ રજૂઆત કરી હતી કે ફરિયાદી ખોટી ફરિયાદો કરવાની ટેવ ધરાવે છે. તેણીએ રજૂઆત કરી હતી કે ફરિયાદી અને તેના સંબંધીઓ વિશ્વસનીય નથી અને તેઓ ખોટી ફરિયાદો અને આક્ષેપો કરવાની ટેવ ધરાવે છે અને તેથી, આરોપીને દોષિત ઠેરવવા માટે તેમની જુબાનીઓ પર આધાર રાખી શકાય નહીં. તેણીએ રજૂઆત કરી હતી કે ટ્રાયલ કોર્ટે ભોગ બનનાર અને અન્ય સાક્ષીઓની ઉલટતપાસને તેના સાચા પરિપ્રેક્ષ્યમાં ધ્યાનમાં લીધી નથી

અને ફરિયાદ પક્ષના સાક્ષીઓની મુખ્ય તપાસના આધારે જ તેમની ઉલટતપાસને ધ્યાનમાં લીધા વિના અપીલકર્તાને દોષિત ઠેરવ્યા છે. તેણીએ રજૂઆત કરી હતી કે ભોગ બનનારે આરોપી દ્વારા કોઈ બળ કે મજબૂરી વિના પોતાની મરજી અને ઈચ્છાથી પોતાનું પિતૃગૃહ છોડી દીધું હતું અને તેથી, કલમ ૩૬૩ હેઠળ કોઈ ગુનો બનતો નથી. તેણીએ રજૂઆત કરી હતી કે ભોગ બનનારે પોતાની સંમતિથી અને આરોપી પરણેલો છે તે સારી રીતે જાણવા છતાં આરોપી સાથે શારીરિક સંબંધો ચાલુ રાખ્યા હતા. તેથી કલમ ૩૬૬ હેઠળનો ગુનો પણ લાગુ પડતો ન હોવાથી કોઈ ગુનો થયો ગણાય નહીં.

૩.૬. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે ફરિયાદ પક્ષે ભોગ બનનારનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર રેકોર્ડ પર રજૂ કર્યું છે, જોકે, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કોણે ઇશ્યૂ કર્યું હતું અને કયા આધારે શાળાના રજિસ્ટરમાં ભોગ બનનારની ઉંમર નોંધવામાં આવી હતી તે અંગે પુરાવા રજૂ કરીને કે સાક્ષીની તપાસ કરીને શાળા છોડ્યાના પ્રમાણપત્રની વિગતો સાબિત અને સ્થાપિત કરવામાં આવી નથી. તેણીએ રજૂઆત કરી હતી કે તેની વિગતો સાબિત કરવા માટે યોગ્ય સાક્ષીની તપાસ કરીને તેને સાબિત કરવા માટે શાળા છોડ્યાના પ્રમાણપત્રને કામચલાઉ આંક આપવામાં આવ્યો હતો. તેણીએ રજૂઆત

કરી હતી કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આંક–૫૬ કાયદા અનુસાર અને પુરાવાના કાયદાની જોગવાઈઓ મુજબ સખત રીતે સાબિત થયું નથી. ટ્રાયલ કોર્ટે એવું હોલ્ડ કરવામાં ભૂલ કરી કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર સાબિત થયું છે, જોકે ભોગ બનનારે તેની ઉલટતપાસમાં જણાવ્યું હતું કે તેણીને તેનો જન્મસ્થળ યાદ નથી. તેણીએ રજૂઆત કરી હતી કે માત્ર ભોગ બનનારે તેના પુરાવામાં જણાવ્યું છે કે જન્મ પ્રમાણપત્ર તેની જન્મ તારીખનું છે, પુરાવાના કાયદાની જોગવાઈઓ મુજબ જન્મ પ્રમાણપત્રની વિગતો સાબિત થયેલી કહી શકાય નહીં. તેણીએ રજૂઆત કરી હતી કે ભોગ બનનારે તેની જુબાનીમાં જણાવ્યું છે કે તેણીને ખબર નથી કે તેનો જન્મ કયા ગામમાં થયો હતો. તેણીએ રજૂઆત કરી હતી કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આંક–૫૬ કોડીનારનું છે, જોકે ભોગ બનનાર છેલ્લે વેલણ ખાતે ભણી હતી. તેણીએ રજૂઆત કરી હતી કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આંક–૫૬ ઇશ્યૂ કરનાર કોડીનારની શાળાના પ્રિન્સિપાલની તપાસ કરવામાં આવી નથી કે જન્મ નોંધણી રજિસ્ટર ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યું ન હતું. તેણીએ રજૂઆત કરી હતી કે ભોગ બનનારની માતાની પણ ભોગ બનનારની જન્મ તારીખના પાસા પર તપાસ કરવામાં આવી નથી. તેણીએ રજૂઆત કરી હતી કે માત્ર શાળા છોડ્યાના પ્રમાણપત્રને આંક આપવામાં આવ્યો હોવાથી તેને પુરાવા તરીકે ગણી શકાય નહીં, ખાસ કરીને જ્યારે વિગતો પુરાવા રજૂ કરીને અને સાક્ષીની

તપાસ કરીને સાબિત અને સ્થાપિત ન થઈ હોય. તેણીએ રજૂઆત કરી હતી કે ટ્રાયલ કોર્ટે એવું માની લીધું છે કે કથિત ગુનો કર્યાની તારીખે ભોગ બનનાર સગીર હતી, જોકે કથિત ગુનો કર્યાના સમયે તે સગીર હતી તે દર્શાવવા માટે શાળા છોડ્યાના પ્રમાણપત્ર સિવાય કોઈ સચોટ અને ખાતરીપૂર્વકના પુરાવા નથી અને શાળા છોડ્યાના પ્રમાણપત્રની વિગતો સાબિત થઈ નથી. તેણીએ રજૂઆત કરી હતી કે ભોગ બનનારની ઉંમર વ્યાજબી શંકાથી પર સાબિત થઈ નથી. તેણીએ રજૂઆત કરી હતી કે વાસ્તવમાં, ભોગ બનનાર પુખ્ત વયની હતી. ભોગ બનનારના દાંતની તપાસ પર અભિપ્રાય આપનાર ભોગ બનનારની ઉંમર સંબંધિત ડેન્ટિસ્ટના અભિપ્રાય મુજબ, ભોગ બનનારની ઉંમર ૧૭ થી ૨૧ વર્ષની વચ્ચે હતી. તેણીએ રજૂઆત કરી હતી કે ઓસિફિકેશન ટેસ્ટના અભિપ્રાય મુજબ, તેની ઉંમર ૧૭ થી ૨૦ વર્ષની વચ્ચે હતી અને રેડિયોલોજિસ્ટના અભિપ્રાય મુજબ, તેની ઉંમર ૧૭ થી ૨૧ વર્ષની વચ્ચે હતી. તબીબી અફસરના પુરાવા મુજબ પણ, ભોગ બનનારના શારીરિક બાંધા પરથી, કોઈ કહી શકે નહીં કે તે પુખ્ત વયની નથી.

૩.૭. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે ટ્રાયલ કોર્ટ ભોગ બનનારના વર્તનને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ ગઈ છે, જે દર્શાવે છે કે તેણીને આરોપી સાથે સંબંધ હતો

અને તે પોતાની મેળે આરોપી નં.૧ સાથે ગઈ હતી અને તેની સાથે મહિનાઓ સુધી રહી હતી અને તેણીની જુબાની મુજબ પણ, તે ૧૮ વર્ષ પૂર્ણ કર્યા પછી શારીરિક સંબંધ ધરાવતી હતી.

૩.૮. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે વાસ્તવમાં, ભોગ બનનાર જાણતી હતી કે આરોપી નં.૧ પરણેલો છે. તેણીએ રજૂઆત કરી હતી કે ૧/૭/૨૦૧૩ ના રોજ પણ જ્યારે ભોગ બનનારની મેડિકલ તપાસ કરવામાં આવી ત્યારે તેણીએ ડૉક્ટર સમક્ષ હિસ્ટ્રીમાં જણાવ્યું હતું કે તેણીને માત્ર એક મહિના પહેલા જ આરોપી પરણેલો હોવાની જાણ થઈ હતી, જોકે, તેણીએ પોતાની ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે તેણીએ ૧૦/૨/૨૦૧૩ ના રોજ એક એસ.એમ.એસ. મોકલ્યો હતો અને લખ્યું હતું કે "તમારે મારી શું ચિંતા છે, હું ત્યાં હોઉં કે ન હોઉં, તમારી પત્ની તમારી સાથે છે, હું મરું કે જીવું, હવે તમને શું ફરક પડે છે". આમ, ફેબ્રુઆરી ૨૦૧૨ માં જ, તે જાણતી હતી કે આરોપી પરણેલો છે, જોકે, તેણીએ ડૉક્ટર સમક્ષ આંક-૭૯ પર ખોટું નિવેદન આપ્યું છે કે તેણીને માત્ર એક મહિના પહેલા જ આરોપી અગાઉથી પરણેલો હોવાની હકીકતની જાણ થઈ હતી.

૩.૯. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે, વાસ્તવમાં, ભોગ બનનારે ૩૦/૬/૨૦૧૩ ના રોજ ફરિયાદ આપી હતી, જોકે, તે પહેલાં તેણીએ ૧૨/૩/૨૦૧૩ ના રોજ એક અરજી આપી હતી. જો ભોગ બનનારની જુબાની સમગ્ર રીતે ધ્યાનમાં લેવામાં આવે તો, એ સ્પષ્ટ થાય છે કે તેણીએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપ્યું નથી અને વાસ્તવમાં તે હોસ્ટાઈલ થઈ ગઈ છે. નરેન્દ્ર પરણેલો હોવાની હકીકત વિશે ૧૦/૨/૨૦૧૩ થી જાણતી હોવા છતાં, તે અપીલકર્તા સાથે રહી હતી અને તેણીએ પોતાની મરજીથી અપીલકર્તા સાથે શારીરિક સંબંધ રાખ્યો હતો.

૩.૧૦. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે ભોગ બનનારે તેણીની જુબાનીમાં સ્વીકાર્યું છે કે ફેબ્રુઆરી, ૨૦૧૩ માં, આરોપી નરેન્દ્રની પત્ની આરોપી સાથે રહેવા આવી હતી. આમ, ફેબ્રુઆરી, ૨૦૧૩ થી, તે આ હકીકતથી વાકેફ હતી કે આરોપી પરણેલો છે અને તેને પત્ની છે. જોકે, તેણીએ અપીલકર્તા સાથે રહેવાનું ચાલુ રાખ્યું અને પોતાની સંમતિથી અપીલકર્તા સાથે શારીરિક સંબંધ ચાલુ રાખ્યો.

૩.૧૧. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે ભોગ બનનારની પોતાની જુબાની મુજબ, ભોગ બનનાર ૧૮ વર્ષ પૂર્ણ ન કરે ત્યાં સુધી આરોપી અને ભોગ બનનાર વચ્ચે કોઈ જાતીય સંબંધ ન હતો.

૩.૧૨. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે ટ્રાયલ કોર્ટ ભોગ બનનારના વર્તનને અને ભોગ બનનાર વિશ્વસનીય નથી અને તેનો પુરાવો ભરોસાપાત્ર નથી તે હકીકતને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ ગઈ છે.

૩.૧૩. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે આ સંમતિનો કેસ છે અને તે રેકોર્ડ પરથી જ સાબિત થાય છે.

૩.૧૪. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે રેકોર્ડ પરથી એ સ્પષ્ટ થાય છે કે ભોગ બનનાર પૈસા પડાવતી હતી અને વધુ પૈસા પડાવવા માટે અને રેકોર્ડ પર એવા પુરાવા છે જે દર્શાવે છે કે અપીલકર્તા દ્વારા આરોપી નં.૧ ના ખાતામાંથી ભોગ બનનારની માતાના ખાતામાં સમયાંતરે પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા (આંક–૧૨૧ અને ૧૧૫). એવી રજૂઆત કરવામાં

આવે છે કે વધુ પૈસા પડાવવા માટે, ત્રાસદાયક આક્ષેપો કરીને ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને આરોપી નં.૧ પાસેથી વધુ પૈસા પડાવવાના હેતુથી આરોપી સામે ખોટી જુબાની પણ આપવામાં આવી છે. ભોગ બનનારે તેના પુરાવામાં સ્વીકાર્યું છે કે તેણે તેની માતાના ખાતામાં ક્યારેય કોઈ રકમ જમા કરાવી નથી.

૩.૧૫. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે સાક્ષી આંક–૫૯ ના પુરાવા મુજબ પણ, કિરણબેન (આરોપીની પત્ની) રાજકોટ આવી હતી અને ભોગ બનનાર સાથે ઝઘડો કર્યો હતો. જોકે, તે સમયે પણ ભોગ બનનાર અથવા તેના ભાઈ દ્વારા આરોપી સામે કોઈ ફરિયાદ દાખલ કરવામાં આવી ન હતી. અપીલકર્તા પાસેથી વધુ પૈસા પડાવવા માટે પાછળથી ખોટા, બનાવટી અને ત્રાસદાયક આક્ષેપો કરીને ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

૩.૧૬. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે આરોપી નં.૧ અને ભોગ બનનાર ભાડાના મકાનમાં સાથે રહેતા હતા, અને તેઓ મહિનાઓ સુધી સાથે રહ્યા હતા, જોકે, નીચેની કોર્ટે ભાડાની જગ્યાના માલિકના પુરાવાનું તેની સાચી ભાવનામાં મૂલ્યાંકન કર્યું નથી અને ધ્યાનમાં લીધું નથી.

૩.૧૭. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે આરોપી અને ભોગ બનનાર સંબંધમાં હતા અને આ હકીકત ભોગ બનનારની માતા અને ભાઈને પણ ખબર હતી. ભોગ બનનારના ભાઈએ પણ તેની જુબાનીમાં આ હકીકતનો સ્વીકાર કર્યો છે.

૩.૧૮. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે ભોગ બનનારની જુબાની મુજબ, તે અને આરોપી ત્રણ–ચાર દિવસમાં જાતીય સંબંધ રાખતા હતા, જોકે, તેણીએ ડૉક્ટર સમક્ષ હિસ્ટ્રીમાં જણાવ્યું છે કે તેણીએ ત્રણથી ચાર વખત શારીરિક સંબંધ બાંધ્યો છે.

૩.૧૯. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે ભોગ બનનારે ૧૨/૬/૨૦૧૩ ના રોજ પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી, જોકે, સદર ફરિયાદમાં આરોપી સામે કોઈ ફરિયાદ કરવામાં આવી ન હતી. સદર ફરિયાદમાં સમાધાન થયું હતું. ત્યારબાદ પૈસા પડાવવા માટે, ખોટા આક્ષેપો કરીને મોડી એફ.આઇ.આર. નોંધાવવામાં આવી છે.

૩.૨૦. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે ભોગ બનનારની જુબાની પરથી એ સ્પષ્ટ થાય છે કે તેણીએ ૧૮ વર્ષ પૂર્ણ કર્યા પછી ભોગ બનનારની સંમતિથી તેમની વચ્ચે જાતીય સંબંધ હતો.

૩.૨૧. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે ભોગ બનનારની પોતાની જુબાની મુજબ પણ, ડિસેમ્બર, ૨૦૧૨ પહેલાં, તે અને આરોપી મળતા હતા; તે રાજકોટમાં કંપનીની હોસ્ટેલમાં એકલી રહેતી હતી અને તે અલગ–અલગ ખાનગી કંપનીમાં કામ કરતી હતી. આમ, તે શરૂઆતથી જ સ્વતંત્ર સ્વભાવની હતી અને અપીલકર્તા સાથેના તેના સંબંધો તેની માતા અને ભાઈ પણ જાણતા હતા.

૩.૨૨. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે વાસ્તવમાં કથિત ગુનો ૧૪/૧૧/૨૦૧૨ પહેલાં થયો હોવાનું કહેવાય છે અને તે સમયે, પોક્સો એક્ટ અમલમાં ન હતો અને તેથી, અપીલકર્તા આરોપીને પોક્સો એક્ટ હેઠળ દોષિત ઠેરવી શકાય નહીં.

૩.૨૩. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે તમામ સાક્ષીઓ રસ ધરાવતા સાક્ષીઓ અને ભોગ બનનારના સગા છે અને કોઈ સ્વતંત્ર સાક્ષીઓની તપાસ કરવામાં આવી નથી અને સમગ્ર તપાસ ખામીયુક્ત છે અને ઘણી બધી બાબતો છતી કરે છે. એવી દલીલ કરવામાં આવે છે કે નીચેની કોર્ટે ડિફેન્સના કેસ પર વિશ્વાસ ન રાખીને પણ ભૂલ કરી છે.

૩.૨૪. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિ. વકીલ સુશ્રી અશ્વિની કે. મહેતાએ રજૂઆત કરી હતી કે એફ.આઇ.આર. ની નોંધણી પહેલાં ભોગ બનનાર દ્વારા કરવામાં આવેલી અરજીમાં, અહીંના આરોપી – અપીલકર્તા સામે દુષ્કર્મ વગેરેનો કોઈ આક્ષેપ ન હતો. તે સમયે પણ સમાધાન થયું હતું. જો કોઈ ગુનો થયો હોત, તો તે તેની અરજીમાં તે વિશે લખી શકતી હતી. જોકે, પાછળથી, પૈસા પડાવવાના ખરાબ ઈરાદાથી એફ.આઇ.આર. દાખલ કરવામાં આવી છે.

૪.૦૦. રાજ્ય તરફથી ઉપસ્થિત વિ. એ.પી.પી. શ્રી રોનક રાવલ દ્વારા પ્રસ્તુત અપીલનો વિરોધ કરવામાં આવ્યો છે. તેમણે રજૂઆત કરી છે કે ફરિયાદ પક્ષે વ્યાજબી શંકાથી પર કેસ સફળતાપૂર્વક સાબિત કર્યો છે. તેમણે રજૂઆત કરી છે કે સાક્ષીઓએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપ્યું

છે. તેમણે રજૂઆત કરી છે કે ટ્રાયલ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલ દોષસિદ્ધિ અને સજાનો ચુકાદો અને હુકમ પુરાવાના મૂલ્યાંકન પર છે અને તે વિકૃત નથી. તેમણે રજૂઆત કરી હતી કે ટ્રાયલ કોર્ટ દ્વારા કોઈ ભૂલ કરવામાં આવી નથી. તેમણે રજૂઆત કરી હતી કે ફરિયાદ પક્ષે ભોગ બનનારનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર રેકોર્ડ પર મૂક્યું છે, જે મુજબ, ગુનો કરતી વખતે ભોગ બનનાર સગીર હતી અને તેના પર આધાર રાખીને, ટ્રાયલ કોર્ટે યોગ્ય રીતે માન્યું છે કે ભોગ બનનાર સંબંધિત સમયે સગીર હતી. તેમણે રજૂઆત કરી હતી કે ભોગ બનનારની જુબાની પરથી એ સ્પષ્ટ થાય છે કે ભોગ બનનારે જાતીય સંબંધ માટે ના પાડી હોવા છતાં, અપીલકર્તાએ બળજબરીથી ભોગ બનનાર સાથે જાતીય સંબંધ શરૂ કર્યો હતો. તેથી, તેમણે રજૂઆત કરી હતી કે આ કોર્ટના હસ્તક્ષેપની કોઈ જરૂર નથી. તેથી, તેમણે પ્રાર્થના કરી કે અપીલ રદ કરવામાં આવે.

૫.૦૦. અપીલકર્તાના વિ. વકીલ અને રાજ્ય તરફથી ઉપસ્થિત વિ. એ.પી.પી. ને વિગતવાર સાંભળ્યા. દોષસિદ્ધિના આક્ષેપિત ચુકાદા અને હુકમનું ધ્યાનપૂર્વક અવલોકન કર્યું. રેકોર્ડ પરના પુરાવાનું પુનઃમૂલ્યાંકન કર્યું.

૬.૦. રેકોર્ડ પરના પુરાવાના અવલોકન પરથી, નીચેની હકીકતો સામે આવી છે :–

૬.૧. પી.ડબલ્યુ. નં.૧ – ચેતનભાઈ પ્રવીણભાઈ કુબાવત આંક–૨૨, ભોગ બનનાર અને આરોપીના કપડાં કબ્જે કર્યાના પંચનામાના પંચ સાક્ષીએ પોતાની જુબાનીમાં ભંગ આપ્યો છે કે તેમની હાજરીમાં ભોગ બનનારે પ્રગટ કર્યું હતું કે તેનું નામ જલ્પાબેન ઉર્ફે ખુશી મહેન્દ્રભાઈ કાનાણી છે અને તેની ઉંમર ૧૬ વર્ષ અને ૯ મહિના છે. તેમણે એવો પણ ભંગ આપ્યો હતો કે ભોગ બનનારના શરીર પર કોઈ નિશાન ન હતું. તેમણે એવો પણ ભંગ આપ્યો હતો કે ભોગ બનનારે જણાવ્યું હતું કે આરોપી નરેન્દ્રપરી ગુલાબપરીએ દોઢ મહિના પહેલા તેની સાથે સંભોગ કર્યો હતો.

૬.૨. પી.ડબલ્યુ. નં.૨ – વેલજીભાઈ લક્ષ્મણભાઈ વાઘેલા આંક–૨૭ એ પોતાની જુબાનીમાં ભંગ આપ્યો છે કે તેમણે પી.એસ.આઇ. ની ચેમ્બરમાં પંચનામા પર સહી કરી હતી, અને ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપ્યું ન હતું.

૬.૩. પી.ડબલ્યુ. નં.૩ – સુનીલભાઈ જીવરાજભાઈ કંજારીયા – આંક–૩૨ એ જણાવ્યું છે કે તેમણે પંચનામા પર સહી કરી છે. તેમણે ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપ્યું નથી.

૬.૪. પી.ડબલ્યુ. નં.૪ મહેન્દ્રભાઈ કાનાણીની દીકરી જલ્પાબેન ઉર્ફે ખુશીબેન – ભોગ બનનાર – આંક–૩૬ એ તેના પુરાવામાં ભંગ આપ્યો છે કે તેની જન્મ તારીખ ૨૪/૧૦/૧૯૯૬ છે. તેણીએ ભંગ આપ્યો છે કે તે અપીલકર્તા આરોપી સાથે ફરતી હતી. તેણીએ એ પણ સ્વીકાર્યું કે અપીલકર્તાએ પ્રસ્તાવ મૂક્યો હતો અને બીજા દિવસે તેણીએ પ્રેમનો પ્રસ્તાવ સ્વીકારી લીધો હતો. તેણીએ એવો પણ ભંગ આપ્યો છે કે તે અને અપીલકર્તા ફોન પર વાતો કરતા હતા અને મળતા હતા. તેણીએ એ પણ સ્વીકાર્યું કે તે અને અપીલકર્તા વેલણ ગામમાં લગભગ ૫ થી ૭ વર્ષ મળતા હતા. તેણીએ સ્વીકાર્યું કે અપીલકર્તા સાથેના પ્રેમને કારણે, તે રાજકોટ શિફ્ટ થઈ ગઈ હતી. તેણીએ સ્વીકાર્યું કે તે અને અપીલકર્તા લીમડા ચોકમાં આવેલ એક મુસ્લિમના ભાડાના મકાનમાં રહેતા હતા. તેણીએ એવો પણ ભંગ આપ્યો છે કે તેણીએ મકાનમાલિકને જણાવ્યું હતું કે આરોપી સાથે તેની સગાઈ થઈ ગઈ છે અને લગ્ન થશે. તેણીએ ભંગ આપ્યો છે કે તે અને અપીલકર્તા ઝઘડો કરતા હતા અને તેથી, મકાનમાલિકે ભાડાનું મકાન ખાલી કરાવ્યું હતું. તેણીએ ભંગ આપ્યો છે કે તેઓ લીમડા ચોકના ભાડાના મકાનમાં છ મહિના રહ્યા હતા. તેણીએ વધુમાં ભંગ આપ્યો છે કે ત્યારબાદ તે અને અપીલકર્તાએ જલારામ ફરસાણની શેરી, એસ.કે. ચોક, ગાંધીગ્રામમાં ભાડે બીજું મકાન મેળવ્યું

